GJJN020033082024

આંક :–___

જુનાગઢના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રીની અદાલત સમક્ષ, મુકામ : જુનાગઢ.

હાલ :– શ્રી કર્ણ અજીત મારવાહા

ચુકાદાની તારીખ	**૨૦/૦૬/૨૦૨૬**
ફોજદારી કેસ નંબર	**૨૧૨૫/૨૦૨૪**

:: ગુનાની વિગત ::

ગુનાની કલમ	વટાઉખત અધિનિયમની કલમ–૧૩૮ મુજબ.
પ્રથમ માહિતી અહેવાલ નંબર	ખાનગી ફરિયાદ.
પોલીસ સ્ટેશન	ખાનગી ફરિયાદ.
ફરિયાદ પક્ષ	**શ્રી રાજેશભાઈ વીરજીભાઈ પાનસેરીયા,** ઉ.વ.આ. ૪૫, ધંધો–વેપાર, ઠે.બ્લોક નં. ૨૦૨, શ્રીનાથજી એવન્યુ, જાવીયા સ્કુલની સામે, જુનાગઢ.

રજુઆત	વિધવાન વકીલશ્રી પી. એમ. બાબરીયા
બચાવ પક્ષ	**શ્રી દર્શનભાઈ પ્રકાશભાઈ ઠુંમર**, ઉ.વ.આ. ૨૭, ધંધો–વેપાર, રહે. એસ.આર.પી. કેમ્પ, પોલીસ હેડ કવાર્ટર, વીરમગામ,જી. અમદાવાદ.
રજુઆત	વિધવાન વકીલશ્રી એસ.ડી. રાઠોડ

ગુનાની તારીખ	––
પ્રથમ માહિતી અહેવાલની તારીખ	ખાનગી ફરિયાદ.
આખરી અહેવાલની તારીખ	ખાનગી ફરિયાદ.
તહોમતનામા/પ્લીની તારીખ	૩૦/૦૯/૨૦૨૪
પુરાવો શરૂ થયાની તારીખ	––
ચુકાદા માટે રાખવાની તારીખ	૨૧/૦૪/૨૦૨૬
ચુકાદાની તારીખ	૨૦/૦૬/૨૦૨૬
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	––

:: આરોપીની વિગત ::

આરોપીનો અનુક્રમ	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુકિત તારીખ	તહોમત	શું નિર્દોષ છોડયા /	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયતનો

					સજા કરી		સમયગાળો ફો.કા. સંહિતાની કલમ– ૪૨૮ મુજબ
૧	દર્શનભાઈ પ્રકાશભાઈ ઠુંમર	––	––	વટાઉખત અધિનિયમની કલમ– ૧ ૩૮ મુજબ.	દોષિત	બે મહિનાની સાદી કેદની સજા અને ચેકની દોઢી રકમ વળતર પેટે	––

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરિયાદ પક્ષના સાક્ષી

અનુક્રમ નં.	નામ	પુરાવાનો પ્રકાર
ફ.સા.૧ (આંક–૫)	રાજેશભાઈ વીરજીભાઈ પાનસેરીયા	ફરિયાદી

બ. બચાવ પક્ષના સાક્ષી

અનુક્રમ	નામ	પુરાવાનો પ્રકાર
બ.સા.૧	--	--

ક. ન્યાયાલયના સાક્ષી

અનુક્રમ	નામ	પુરાવાનો પ્રકાર
ન્યા.સા.૧	--	--

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ. ફરિયાદ પક્ષ

અનુક્રમ	આંક સંખ્યા	વર્ણન
૧	૧૫	પ્રોમીસરી નોટ
૨	૧૬	અચલ ચેક. ૦૦૫૦૯૫
૩	૧૭	ચેક જમા કર્યાની સ્લીપ
૪	૧૮	ચેક રીટર્ન મેમો
૫	૧૯	આરોપીને આપેલ નોટીસ
૬	૨૦	આરોપીને નોટીસ રજી.એડી.કર્યાની પહોંચ
૭	૨૧	આરોપીને નોટીસ રજી.એડી.કર્યાની પહોંચ
૮	૨૨	નોટીસ આરોપીને બજી ગયાની એકનોલેઝમેન્ટ સ્લીપ

૯	૨૩	નોટીસ આરોપીને બજી ગયાની એકનોલેઝમેન્ટ સ્લીપ
૧૦	૨૪	નોટીસ બજી ગયાનો ટ્રેક રીપોર્ટ
૧૧	૨૫	નોટીસ બજી ગયાનો ટ્રેક રીપોર્ટ
૧૨	૨૯	સમજુતી કરાર

બ. બચાવ પક્ષ

અનુક્રમ	આંક સંખ્યા	વર્ણન
--	--	--

ક. ન્યાયાલય આંક

અનુક્રમ	આંક સંખ્યા	વર્ણન
--	--	--

ડ. ભૌતિક પદાર્થ :

અનુક્રમ	ભૌતિક પદાર્થ સંખ્યા	વર્ણન
--	--	--

-:: ચુકાદો ::-

(૧) ફરિયાદીની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી જુનાગઢ મુકામે રહે છે અને જુનાગઢ મુકામેથી આખા ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ

સેન્ટીંગ વર્ક તથા લેબર વર્ક કરે છે. આ કામના આરોપી પણ અલગ અલગ જગ્યાએ સેન્ટીંગ વર્ક કરતા હોય આરોપી સાથે તેઓને આશરે ડોઢ વર્ષ પહેલા ઓળખાણ થયેલ હતી. આમ તેઓ ફરીયાદીને આરોપી સાથે ઓળખાણ અને મીત્રતાના સબંધ છે. ફરીયાદી પાસેથી સેન્ટીંગનો સરસામાન કિંમત રૂ. ૬,૭૦,૦૦૦/– નો પડેલ હતો, સદરહુ સામાન આરોપી સેન્ટીંગનો ધંધો કરતા હોય આરોપીને ખરીદવો હોય, આરોપીએ તેઓ ફરીયાદી પાસેથી તા.૦૩/૧૦/૨૦૨૩ નારોજ સદરહુ સેન્ટીંગનો સરસામાન આરોપી પાસે અવેજના રૂપિયાની સગવડતા ન હોય બાકીમાં સમજુતી કરાર કરી તેઓની પાસેથી ખરીદ કરેલ હતો તેમજ તે જ દિવસે આરોપીએ તેઓને એક પ્રોમેસરી નોટ લખી આપેલ હતી. સદરહુ પ્રોમીસરી નોટની વિગતે તેઓના કાયદેસરના લેણા પેટે આરોપીએ તેઓને તે જ દિવસે ૧. ચેક નં.૦૦૫૦૯૬, તા. ૩૦/૧૨/૨૦૨૩ નો આરોપીના ખાતાનો યુનીયમ બેન્ક, મોવીયા શાખાનો રૂ.૩,૭૦,૦૦૦/– નો તથા ૨. ચેક નં.૦૦૫૦૯૫, તા. ૦૧/૦૩/૨૦૨૪ નો આરોપીના ખાતાનો યુનિયન બેન્ક, મોવીયા શાખાનો રૂ.૩,૦૦,૦૦૦/–નો એમ કુલ બે ચેકો તેઓના નામના એકાઉન્ટ પેઈ ચેકો સહી કરી લખી આપેલ. ત્યારબાદ, ઉપરોકત વિગત વાળા ચેકો પૈકી ચેક નં.૦૦૫૦૯૫, તા.૦૧/૦૩/૨૦૨૪ નો ''યુનિયન બેન્ક'' મોવીયા શાખાનો રૂ.૩,૦૦,૦૦૦/–નો તેઓએ તેઓના ખાતામાં ''બેન્ક ઓફ બરોડા'' જુનાગઢ ઝાંઝરડા રોડ શાખામાં તા.૦૪/૦૩/૨૦૨૪ ના રોજ જમા કરાવતા આરોપીના એકાઉન્ટમાં પુરતુ ભંડોળ ન હોવાથી તા. ૦૫/૦૩/૨૦૨૪ નારોજ ''ફંડ ઈનસફીસીયન્ટ'' ના શેરા વાળા રીટર્ન મેમો સાથે સદરહુ ચેક કલીયર થયા વગર પરત ફરેલ છે. આમ, સદરહુ ચેક રીટર્ન થયાની જાણ તેઓની

બેન્કે તેઓને તા.૦૫/૦૩/૨૦૨૪ નારોજ કરેલ છે. ત્યારબાદ આરોપીએ આપેલ ઉપરોકત વિગતવાળો ચેક રીટર્ન થતા તેઓએ તેઓના વકીલશ્રી મારફત તા.૨૦/૦૩/૨૦૨૪ નારોજ ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ મુજબની રજી.અડી.થી નોટીસ આ કામે આરોપીને તેના ધંધાના અને કાયમી સરનામે આપેલ જે નોટીશ આરોપીને તા. ૨૭/૦૩/૨૦૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતાં લેણી રકમ ચુકવેલ નહી જેથી હાલની ફરિયાદ દાખલ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. ઉપરોકત વિગતો જણાવી આ કામના ફરીયાદીએ હાલની ફરિયાદ લાવી આરોપી સામે વટાઉખત અધિનિયમની કલમ– ૧૩૮ મુજબ ધારાસરની કાર્યવાહી ચલાવી આરોપીનાઓને શખ્ત નસીયત કરવા તેમજ વળતર સહીત અપાવી શકાતી તમામ દાદ મેળવવાની અરજ કરેલ છે.

(૨) ફરિયાદીએ હાલની ફરિયાદ તા.૧૬/૧૨/૨૦૨૪ ના રોજ રજૂ કરતા, ફરિયાદીનું વેરીફીકેશનનું સોગંદનામું ધ્યાને લઈ ફરિયાદ ફોજદારી રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવતા ફોજદારી કેસ નં.૨૧૨૫/૨૦૨૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને આરોપી વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ કાઢતા, આરોપી હાજર થતા તેઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ ફરિયાદ તથા દસ્તાવેજોની નકલો આપવામાં આવેલ હોવાની ખાત્રી કર્યા બાદ આરોપીનું નિવેદન આંક–૧૦ થી નોંધવામાં આવતા આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદી તરફે આંક–૩૨ થી કલોઝીંગ પુરસીસ

આપી વિશેષ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે. રજૂ થયેલ પુરાવા આધારે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી બચાવમાં સાક્ષી તપાસવા અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનું નથી, જણાવે છે. આરોપીએ વિશેષમાં જણાવેલ કે, તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓની સાથે ખોટો વિશ્વાસઘાત કરી, છેતરપીંડી કરી ખોટા ગંભીર પ્રકારના ગુનામાં સંડોવી દીધેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદી તરફે વિ.વકીલશ્રી પી.એમ. બાબરીયા અને આરોપી તરફે વિ.વકીલશ્રી એસ.ડી. રાઠોડનાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ અને સાથે જ ફરીયાદી અને આરોપી તરફે રજુ થયેલ લેખિત દલીલોને પણ ધ્યાને રાખવામાં આવેલ છે. ફરીયાદીનાએ પોતાની મૌખિક તેમજ લેખિત દલીલોમાં જણાવેલ કે તેઓએ હાલની ફરીયાદના અનુસંધાને તમામ દસ્તાવેજી પુરાવાઓ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે અને આરોપીપક્ષનાઓ તે દસ્તાવેજોને ખંડન કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આ કામના ફરીયાદીએ પોતાની મૌખિત દલીલો રજુ રાખી જણાવેલ કે આ કામના આરોપીનાએ હાલના ચેકમાં તેઓની સહી ના હોય તે બાબતના કોઈ બચાવ લીધેલ નથી. આ સિવાય, ફરીયાદીનાએ પોતાની મૌખિક દલીલમાં જણાવેલ કે હાલના નાણાકીય વ્યવહારના સંદર્ભે તેઓએ દસ્તાવેજી પુરાવાઓ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે જે આરોપીપક્ષનાઓ પડકારવામાં નિષ્ફળ થયેલ છે. ફરીયાદીનાએ પોતાની મૌખિત દલીલમાં વટાઉખત અધિનિયમની કલમ ૧૩૯ ની જોગવાઈઓનો ટેકો લઈ જણાવેલ કે હાલની ફરીયાદના કામે ફરીયાદીનાઓની

તરફેણમાં કાયદેસરનુ લેણુ હોવાનુ અનુમાન થયા બાદ આરોપીપક્ષનાઓ તે અનુમાનને ખંડન કરવામાં નિષ્ફળ નિવડેલ છે. ફરીયાદીનાએ પોતાની દલીલમાં વટાઉખત અધિનિયમની કલમ ૧૧૮ અને ૧૩૯ ના સંદર્ભે નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયનો '' ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિરૂઘ્ધ ગુજરાત રાજય અને અન્ય'' ચુકાદા પર ટેકો લીધેલ છે જેને પણ અત્રેની કોર્ટે માનસહ ધ્યાને લીધેલ છે. આ કામના આરોપીપક્ષે આંક–૪૭ થી લેખિત દલીલો રજુ રાખી જણાવેલ કે આ કામના ફરીયાદીનાઓ દવારા રજુ રાખવામાં આવેલ પુરાવાનુ ખંડન થયેલ છે. આરોપીપક્ષનાઓના કથન મુજબ, હાલની ફરીયાદ કાયદેસરના લેણા પેટે છે કે નથી તે પુરવાર કરવામાં ફરીયાદીનાઓ અસફળ નિવડેલ છે. આ સિવાય, આરોપીનાએ પોતાની લેખિત દલીલમાં જણાવે છે કે આ કામના ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં વિરોધાભાસી વિગતો જણાવેલ છે જેથી તેઓના પુરાવા વિશ્વાસપાત્ર નથી. આ સિવાય, આરોપીનાઓના વિધવાન વકિલશ્રીએ જણાવેલ કે ફરીયાદપક્ષનાઓ દવારા રજુ રાખવામાં આવેલ સમજુતી કરારમાં હાલના ચેકની કોઈ વિગતો લખવામાં આવેલ નથી અને સદરહુ માલ સંપુર્ણપણે આપી દીધેલ હોય તેવી પણ કોઈ વિગત જણાવવામાં આવેલ નથી. આ સિવાય, આરોપીનાએ પોતાની લેખિત દલીલમાં જણાવેલ કે આ કામના ફરીયાદીનાઓએ આરોપીનાઓના પાર્ટનર વિરૂઘ્ધ પણ અમદાવાદ મુકામે લેબરકોર્ટમાં હાલની ફરીયાદવાળી રકમના સંદર્ભે જ ફરીયાદ દાખલ કરેલ છે. આ સિવાય, આરોપીનાએ પોતાની લેખિત દલીલમાં જણાવેલ કે આ કામના ફરીયાદીનાએ પોતાના આવક જાવકના હિસાબો પણ રજુ રાખેલ નથી જેથી ભારતીય પુરાવા અધિનિમયની કલમ ૧૧૪(જી) મુજબ ફરીયાદીનાઓની વિરૂઘ્ધમાં અનુમાન કરવાનુ રહે છે. આરોપીનાઓએ ઉપરોકત

કાયદાકીય જોગવાઈના અનુસંધાને નામદાર મદ્રાસ ઉચ્ચ ન્યાયાલયનો ''શકિત ફાઈનાન્સ લીમીટેડ વિરૂધ્ધ કે. સિલ્વારાજ'' ના ચુકાદા અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે, જેને માનસહ ધ્યાને લેવામાં આવેલ છે. આ સિવાય, આરોપીનાઓના વિધવાન વકીલશ્રીએ પોતાની લેખિત દલીલમાં નાણાકીય સધ્ધરતાના સંદર્ભે નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલય અને નામદાર સર્વોચ્ચ ન્યાયાલય દવારા પસાર કરવામાં આવેલ ચુકાદાઓને પણ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે જેને અત્રેની કોર્ટે માનસહ ધ્યાને લીધેલ છે. આ સિવાય, આરોપીનાઓના વિધવાન વકીલશ્રીએ સદરહુ ફરીયાદ, કાયદેસરના જોગવાઈનુ પાલન કરી દાખલ કરેલ ના હોય તે મુજબના બચાવ પણ લીધેલ છે અને જણાવેલ છે કે રજુ થયેલ પ્રોમીસરી નોટમાં પાંચ માસ પછી ચેક વટાઉવાની વિગતો દર્શાવવામાં આવેલ હોય તેમ છતાય હાલનો ચેક તે સમય પહેલા વટાવી તે ચેકનો દુરૂપયોગ કરેલ છે.આરોપીઢ નાઓના કથન મુજબ આ કામના ફરીયાદીનાઓ દવારા રજુ રાખવામાં આવેલ પુરાવાઓનુ સ્પષ્ટપણે ખંડન કરવામાં આવેલ છે અને જેથી આરોપીપક્ષે,આરોપીનાઓને નિર્દોષ છોડી દેવા અંગેની દલીલો કરેલ છે.

(૫) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ કાયદેસરના લેણાં પેટે પોતાની બેંક, યુનિયન બેન્ક, મોવીયા શાખાનો ચેક નં.૦૦૫૦૯૫, તા.૦૧/૦૩/૨૦૨૪ નો રકમ રૂ. ૩,૦૦,૦૦૦/- નો આપેલ, જે ફરિયાદીએ પોતાની બેંક, બેંક ઓફ

બરોડામાં રજુ કરતા સદરહુ ચેક તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ **''ફંડસ ઈનસફીશીયન્ટ''** ના શેરા સાથે પરત મળેલ ?

(૨) શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, ફરિયાદીની તરફેણમાં વટાઉખત અધિનિયમની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબનું અનુમાન કરી શકાય છે?

(૩) શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, ફરિયાદીએ વટાઉખત અધિનિયમમાં જણાવેલ તમામ કાયદાકીય ઘટકોનું પાલન કરી હાલની ફરિયાદ કરેલ છે ?

(૪) શું બચાવ પક્ષ વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરી પોતાનો બચાવ સ્થાપિત કરી શકેલ છે ?

(૫) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

મુદા નં.(૧) : **હકારમાં.**

મુદા નં.(૨) : **હકારમાં.**

મુદા નં.(૩) : **હકારમાં.**

મુદા નં.(૪) : **નકારમાં.**

મુદા નં.(૫) : **આખરી હુકમ મુજબ.**

<u>–:: કા ર ણો ::–</u>

<u>મુદા નં.૧ થી ૪ ની સંયુકત ચર્ચા :–</u>

(૭) ઉપરોકત તમામ મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય

જેથી સદર તમામ મુદાઓની એક સાથે ચર્ચા કરવામા આવે છે. ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ વટાઉખત અધિનિયમ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના ગુના અન્વયે દાખલ કરવામાં આવેલ છે. આરોપી સામેના આક્ષેપિત ગુના સાબિત કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદી પર રહેલી છે.

૧. આરોપીએ પોતાના દ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચૂકવવા ફરિયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરિયાદીને આવા ચેક સમગ્ર અથવા અંશતઃ કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતા.

૩. ચેક જે તારીખે લખેલ હતા તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાંથી કલમ-૧૩૮ માં જણાવેલ મુજબના કારણથી પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદી દ્વારા ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટિસ ચેક લખનાર (આરોપી)ને મોકલવામાં આવેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટિસ મળી ગયેલ હોવા છતાં ચેક મુજબના નાણાં પંદર દિવસની સમયમર્યાદામાં ચૂકવી આપેલા નથી.

વધુમાં વટાઉખત અધિનિયમની કલમ-૧૧૮(એ) તથા

કલમ–૧૩૯ ધ્યાને લેવામાં આવે તો સદરહુ કાયદાકીય જોગવાઈઓ મુજબ જયાં સુધી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી કાયદેસરના દેવા પેટે ચેક આપેલાનું અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે. વિરૂધ્ધનું પુરવાર ન થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આ અનુમાન ખંડન કરવાના બોજા આરોપીના શિરે હોય છે.

(૮) આ કામે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબના ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા માટે ફરિયાદીએ સદરહુ એકટની કલમ–૧૪૫ અન્વયે ફરિયાદની હકીકતોને સમર્થનકારક પુરાવાનું આંક–૦૫ થી સોગંદનામુ રજુ કરી આરોપીએ કાયદેસરના દેવા પેટે ચેક આપેલાની હકીકતોનું પુનોચ્ચારણ કરી આંક–૧૫ થી ૨૫ અને ૨૯ મુજબના દસ્તાવેજી આધાર પુરાવાઓ રજુ કરેલ છે.

(૯) ફરીયાદીનાઓના આંક–૫ થી રજુ સોગંદનામાને ધ્યાને લેવામાં આવે તો તેઓએ પોતાના સોગંદનામામા આંક–૧ થી રજુ થયેલ ફરિયાદ મુજબની હકીકતો જણાવતા સદર હકીકતોને સમર્થન આપેલ છે. આ કામે આરોપીના વિ.વકીલશ્રીએ ફરિયાદીની વિગતવાર ઉલટતપાસ લીધેલ છે, જેમાં તેઓએ આરોપીની સહી અંગેની કોઈ તકરાર લીધેલ નથી. અત્રે નોંધનીય છે કે આરોપીનાઓના વિધવાન વકીલશ્રીએ ફરીયાદીનાઓની ઉલટતપાસમાં, સદરહુ ચેક સિકયુરીટી પેટે આપવામાં આવેલ હોય તે મુજબના સુચક પ્રશ્નો પુછેલ છે. આ

સિવાય, આરોપીનાઓના વિઘવાન વકીલશ્રીએ ફરીયાદીનાઓની ઉલટતપાસમાં આરોનાઓએ ફરીયાદીનાઓને બે ચેક આપેલા છે તે મુજબના સુચક પ્રશ્નો પુછેલા જેનો જવાબ પણ ફરીયાદીએ હકારમાં આપેલ છે. વઘુમાં આરોપીનાઓના વિઘવાન વકીલશ્રીએ ફરીયાદીનાઓની ઉલટતપાસમાં સદરહુ ચેક આરોપીએ કન્સ્ટ્રકશનના માલસામાનની લેતી દેતી માટે આપેલ છે તે મુજબના સુચક પ્રશ્નો પુછેલ છે, જેનો જવાબ ફરીયાદીએ હકારમાં આપેલ છે. આ તબકકે તે પણ નોંધપાત્ર છે કે આરોપીનાએ પોતાની લેખિત દલીલમાં સદરહુ કહેવાતા ચેક ફરીયાદી અને આરોપીનાઓ વચ્ચે થયેલ કરારથી પહેલા જ વટાવી દેવામાં આવેલ હોય તે મુજબના બચાવ લીઘેલ છે પરંતુ સદરહુ ચેકમાં તેઓની સહી ના હોય તે મુબજના કોઈ બચાવ લીઘેલ નથી. આમ, રેકોર્ડ પર આવેલ ઉપરોકત વિગતો ઘ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીનાઓએ, કહેવાતા ચેકમાં પોતાની સહી ના હોવા અંગેના કોઈ બચાવ લીઘેલ નથી. આમ, આરોપીનાઓએ ચેકમાં પોતાની સહી ના હોવા અંગેના બચાવ લીઘેલ ન હોય, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરિયાદીની તરફેણના કાયદેસરના દેવા પેટે ચેક આપેલાનું અનુમાન હાલના તબકકે કરી શકાય છે.

(૯.૧) આ સિવાય, ફરિયાદીએ પોતાના સોગંદનામામાં જણાવેલ કે, સદર તકરારી ચેક તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ પરત ફરેલ અને તેઓએ આ કામના આરોપીને તા.૨૦/૦૩/૨૦૨૪ ના રોજ નોટીસ પણ મોકલાવેલી, જે નોટીસ આરોપીને તા.૨૭/૦૩/૨૦૨૪ ના રોજ

મળી ગયેલ છે. ફરિયાદીએ ઉપરોકત વિગતો સંદર્ભે અત્રેની કોર્ટમાં આંક-૧૫ થી પ્રોમીસરી નોટ, આંક-૧૬ થી તકરારી ચેક, આંક-૧૭ થી ચેક બેંકમાં જમા કરાવ્યાની સ્લીપ, આંક-૧૮ થી ચેક રીટર્ન મેમો, આંક-૧૯ થી આરોપીને મોકલેલ નોટીસ, આંક-૨૦ અને ૨૧ થી રજી.એ.ડી.કર્યાની પહોચ, આંક-૨૨ અને ૨૩ થી સદરહુ નોટીસ બજી ગયાની એકનોલેઝમેન્ટ સ્લીપ, આંક-૨૪ અને ૨૫ થી નોટીસ બજી ગયાનો ટ્રેક રીપોર્ટ રજુ રાખેલ છે, જે ધ્યાને લેતા, ફરિયાદીએ તકરારી ચેક સમય મર્યાદામાં બેંકમાં જમા કરેલ હોય અને તકરારી ચેકના સંદર્ભે સમય મર્યાદામાં ફરિયાદ દાખલ કરેલ હોય તેવું જણાઈ આવે છે. આ કામે આરોપીના વિ.વકીલશ્રીએ ફરિયાદીની વિગતવાર ઉલટતપાસ લેવામાં આવેલ છે પરંતુ તેમા ઉપરોકત તમામ હકીકતોની વિરોધાભાસી કોઈ હકીકત અત્રેના રેકોર્ડ પર આવેલ નથી. આમ, ઉપરોકત વિગતો અને વટાઉખત અધિનિયમની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદીની તરફેણમાં કાયદેસરના દેવા પેટે ચેક આપેલાનું અનુમાન કરવાનું રહે છે.

(૯.૨) આ તબકકે વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ ની કલમ-૧૧૮ તથા કલમ-૧૩૯ અન્વયેના અનુમાન બાબતે કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંતની ચૂકાદાકીય નોંધ કરવી આવશ્યક જણાયેલ છે.

(૯.૩) નામદાર સર્વોચ્ચ અદાલતે "*Kumar Exports v. Sharma Carpets*[1]" ના ચૂકાદામાં પણ એ જ સિધ્ધાંત ઠરાવેલ છે :

1 (2009) 2 SCC 513

“11. The use of the phrase "until the contrary is proved" in Section 118 of the Act and use of the words "unless the contrary is proved" in Section 139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in

a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not

supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the ant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, thereafter, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the

complainant's rescue.”

(૯.૪) આથી, આ સ્પષ્ટ છે કે, જયારે કલમ-૧૧૮ અને કલમ-૧૩૯ પ્રમાણે ફરિયાદપક્ષના સમર્થનમાં અનુમાન આવે ત્યારે તેવા અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપી ઉપર રહે છે. આમ, અદાલત માટે કલમ-૧૧૮ તથા કલમ-૧૩૯ નું અનુમાન કરવાનું ફરજીયાત બને છે અને આ અનુમાનનું ખંડન કરવાની તમામ જવાબદારી આરોપીની રહે છે. અનુમાનનું ખંડન આરોપી સ્વયં પુરાવા મૌખિક તેમજ લેખિત સ્વરૂપે રજુ રાખી યથાપ્રસંગે કરી શકે છે. ફકત પુરાવા લીડ કરી લેવા માત્રથી કે રજુ કરી દેવા માત્રથી સદરહુ બંને જોગવાઈના અનુમાનનું ખંડન થઈ જતુ નથી પરંતુ આવો ખંડનાત્મક પુરાવો વાજબી અને સામાન્ય સમજ ધરાવતો વ્યકિત સ્વીકારી શકે તેવો હોવો જોઈએ. એટલે કે કલમ-૧૩૮ અન્વયેના ગુન્હામાં શરૂઆત પ્રાથમિક પૂર્તતા ફરિયાદ પક્ષ તરફથી કરાયા બાદ આરોપીએ કલમ-૧૧૮ તથા કલમ-૧૩૯ ના અનુમાનનું ખંડન કરવાનું રહે છે અને વાજબી રીતે જો સદરહુ અનુમાનનું ખંડન આરોપી ન કરી શકે તો આ બંને કલમની જોગવાઈના અનુમાન સંપૂર્ણ લાભ ફરિયાદ પક્ષને મળવાપાત્ર થાય છે. એક વખત આ અનુમાન કરી લેવામાં આવે ત્યારબાદ આ અનુમાન વિરૂધ્ધનું પુરવાર કરવામાં આરોપી સફળ ન થાય ત્યાં સુધી અનુમાન ચિરંજીવ રહે છે.

(૧૦) ઉપરોકત કાયદાકીય પ્રસ્થાપિત મૂલ્યાંકનની પૃષ્ઠભૂમિમાં હાલના કેસના પુરાવાને મુલવાનો રહે છે. હાલના કામે ફરિયાદીનાઓ થકી આંક-૦૫ થી સોગંદનામું રજુ રાખવામાં આવેલ છે, જેમાં

તેઓએ પોતાની ફરિયાદમાં જણાવેલ હકીકતોને સંપૂર્ણ રીતે સમર્થન આપેલ છે. વધુમાં ફરિયાદીએ પોતાની ફરિયાદ સાથે આંક-૧૫ થી આંક-૨૫ અને આંક-૨૯ મુજબના દસ્તાવેજો પણ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે.

(૧૦.૧) આ કામે આરોપીએ પોતાના બચાવમાં મુખ્યત્વે નીચે મુજબના બચાવ લીધેલ છે:

સૌ પ્રથમ આરોપીનાઓના વિદ્યવાન વકિલશ્રીએ, સદરહુ ચેક સિક્યુરીટી પેટે આપેલ હોય તે મુજબના બચાવ લીધેલ છે. આરોપીનાએ, ફરીયાદીનાઓથી તેઓની ઉલટતપાસમાં સદરહુ ચેક સિક્યુરીટી પેટે આપેલ હોય તે મુજબના સવાલ પુછતા, ફરીયાદીનાએ તેનો જવાબ નકારમાં આપેલ છે. અત્રે નોંધનીય છે કે આરોપીનાઓ દવારા સદરહુ ફરીયાદના સંદર્ભે આપવામાં આવેલ નોટીસનો કોઈ જવાબ આપેલ હોય, તેવુ પણ બનેલ નથી. આ સિવાય, આરોપીનાઓ દવારા સદરહુ કહેવાતા ચેકના સંદર્ભે કોઈ પોલીસ ફરીયાદ અથવા તો અન્ય કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય, તેવુ પણ રેકોર્ડ પર આવેલ નથી. આમ, આરોપીનાઓના ચેકનો કોઈ દુરઉપયોગ કરવામાં આવેલ હોય તેવુ જણાય આવતુ નથી. વધુમાં, ઉપરોકત બચાવ સંદર્ભે નામદાર ઉચ્ચતમ ન્યાયાલયના '' સુનિલ ટોડી વિરુધ્ધ ગુજરાત રાજ્ય ''[2] ના ચુકાદા ધ્યાને લેવામાં આવે તો તે ચુકાદામાં નામદાર ઉચ્ચતર ન્યાયાલયે ઠરાવેલ કે :

2 AIR 2022 SC 147

"26. The object of the NI Act is to enhance the acceptability of cheques and inculcate faith in the efficiency of negotiable instruments for transaction of business. The purpose of the provision would become otiose if the provision is interpreted to exclude cases where debt is incurred after the drawing of the cheque but before its encashment.

> *27. ....Merely labelling the cheque as a security would not obviate its character as an instrument designed to meet a legally enforceable debt or liability,"*

વધુમાં નામદાર ઉચ્ચતમ ન્યાયાલયે ''શ્રીપતિસિંઘ વિરુધ્ધ ઝારખંડ રાજયમાં''[3] ઠરાવેલ કે :

"16. A cheque issued as security pursuant to a financial transaction cannot be considered as a worthless piece of paper under every circumstance. 'Security' in its true sense is the state of being safe and the security given for a loan is something given as a pledge of payment. It is given, deposited or pledged to make certain the fulfilment of an obligation to

3 2021 (0) AIR (SC) 5732

which the parties to the transaction are bound. If in a transaction, a loan is advanced and the borrower agrees to repay the amount in a specified timeframe and issues a cheque as security to secure such repayment; if the loan amount is not repaid in any other form before the due date or if there is no other understanding or agreement between the parties to defer the payment of amount, the cheque which is issued as security would mature for presentation and the drawee of the cheque would be entitled to present the same. On such presentation, if the same is dishonoured, the consequences contemplated under Section 138 and the other provisions of N.I. Act would flow."

આથી આ સ્પષ્ટ છે કે ફકત સીકયુરીટી ચેક હોવાના કારણે તે ચેક પોતાનુ કાયદેસરનું લેણુ હોવા અંગેનો પત્ર હોવાનું ગુણ ગુમાવી દેતા નથી . આમ, આરોપીનાઓનુ સિકયોરીટી પેટે ચેક આપેલ હોવા અંગેનો બચાવ તેઓને મદદરૂપ થાય તેમ નથી.

(૧૦.૨) આ કામે આરોપીનાઓના વિધવાન વકીલશ્રીએ સદરહુ ચેક, આરોપી અને ફરીયાદી વચ્ચે થયેલ કરારની શરતો મુજબ જમા કરાવેલ ના હોય તે મુજબના બચાવ લીધેલ નથી પરંતુ નોંધનીય છે કે સદરહુ ચેક વટાઉખત અધિનિયમની જોગવાઈઓ અને સમય મર્યાદા મુજબ જ

વટાવવામાં આવેલ છે. વધુમાં, તે પણ નોંધપાત્ર છે કે આ કામના આરોપીનાએ એકતરફ આવો કોઈ કાયદેસરનુ લેણુ ના હોવા અંગેનો બચાવ લીધેલ છે અને બીજી તરફ કરાર મુજબ સદરહુ ચેક જમા થયેલ ના હોય તે મુજબના બચાવ લીધેલ છે જે એકબીજાના વિરોધાભાષી છે જેથી પણ આરોપીનાઓના તે બચાવ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાય આવતુ નથી.

(૧૦.૩) ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રીએ સદરહુ ચેકમાં અક્ષર તથા સહી અલગ-અલગ છે કે કેમ તે અંગેના સવાલો પણ ઉઠાવેલ છે. ઉપરોકત બચાવ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો *Bir Singh* v. *Mukesh Kumar*[4] નો ચુકાદો ધ્યાને લેવામા આવે તો તેમા નામદાર સર્વોચ્ચ ન્યાયલયે ઠરાવેલ છે કે :-

> *37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20,87and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of* Section 138 *would be*

4 (2019) 4 SCC 197

attracted.

38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

આમ, નામદાર સર્વોચ્ચ ન્યાયલયે ઠરાવેલ કે, જો ખાલી સહી કરીને ચેક આપવામા આવેલ હોય તો પણ તેથી ચેક આપનારાનાઓની જવાબદારી ઉભી થાય છે. આ કામે ઉપરોકત મુદાઓ અંગે થયેલ ચર્ચાના અનુસંધાને આ કામે આરોપીનાઓએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પોતાની સહી ચેકમા હોવા અંગેની કબુલાત કરેલ છે અને તે વિરુધ્ધની કોઈ હકીકત અત્રેની કોર્ટના રેકર્ડ ઉપર આવેલ ન હોય, આરોપીનાઓનુ, ચેકમાં સહી અને અક્ષર અલગ–અલગ હોય, તે મુજબનો બચાવ ટકવા પાત્ર નથી.

(૧૦.૪) આરોપીનાઓના વિધવાન વકીલશ્રીએ ફરીયાદીનાઓ થકી તેઓના હીસાબ કિતાબના ચોપડાઓ રજુ કરવામાં આવેલ ન હોય તે મુજબની દલીલો પણ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે. ફરીયાદીનાઓથી તેઓની ઉલટતપાસમાં, તેઓ ઈન્કમટેક્ષના રીટર્ન રજુ કરવા માગે છે કે કેમ તે મજુબના સવાલ પુછતા, ફરીયાદીએ તે રજુ કરવા

માગતા નથી તેવુ જણાવેલ છે. અત્રે નોંધનીય છે કે વટાઉખત અધિનિયમ હેઠળ જયારે કહેવાતા ચેકમાં આરોપીનાઓ થકી પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે તેઓની સહી સ્વીકારી લેવામાં આવેલ હોય તેવા સં જોગોમાં ફરીયાદીનાઓની તરફેણમાં કાયદેસરના લેણુ હોવા અંગેનુ અનુમાન કરવામાં આવે છે, જેને આરોપીનાઓ દવારા સંભવિતતાના સિધ્ધાંત થકી પડકારવાનુ રહે છે. આ કામે ફરીયાદીનાઓ થકી સદરહુ તકરારી ચેક અને સમજુતી કરાર અને પ્રોમીસરી નોટ રજુ રાખવામાં આવેલ છે જેને અત્રેની કોર્ટે ધ્યાને લીધેલ છે. વધુમાં, આ તબકકે નામદાર સર્વોચ્ચ ન્યાયાલયનો, '' *રોહીતભાઈ જીવનલાલ પટેલ વિરૂધ્ધ ગુજરાત રાજય અને અન્યના*[5] ચુકાદાઓને પણ ધ્યાને લેવુ જરૂરી જણાય આવે છે જેમા નામદાર સર્વોચ્ચ ન્યાયાલયે જણાવેલ કે :

> *20. Hereinabove, we have examined in detail the findings of the trial court and those of the High Court and have no hesitation in concluding that the present one was clearly a case where the decision of the trial court suffered from perversity and fundamental error of approach; and the High Court was justified in reversing the judgment of the trial court. The observations of the trial court that there was no documentary evidence to show the source of funds with the respondent to advance the loan, or that the respondent did not record the transaction in the form of*

5 2019 (18) SCC 106

receipt of even kachcha notes, or that there were inconsistencies in the statement of the complainant and his witness, or that the witness of the complaint was more in the know of facts, etc. would have been relevant if the matter was to be examined with reference to the onus on the complaint to prove his case beyond reasonable doubt. These considerations and observations do not stand in conformity with the presumption existing in favour of the complainant by virtue of Sections 118 and 139 of the NI Act. Needless to reiterate that the result of such presumption is that existence of a legally enforceable debt is to be presumed in favour of the complainant. When such a presumption is drawn, the factors relating to the want of documentary evidence in the form of receipts or accounts or want of evidence as regards source of funds were not of relevant consideration while examining if the accused has been able to rebut the presumption or not...

21. On perusing the order of the trial court, it is noticed that the trial court proceeded to pass the order of acquittal on the mere ground of "creation of doubt". We are of the considered view that the trial

court appears to have proceeded on a misplaced assumption that by mere denial or mere creation of doubt, the appellant had successfully rebutted the presumption as envisaged by Section 139 of the NI Act. In the scheme of the NI Act, mere creation of doubt is not sufficient''

વધુમાં, આ તબકકે નામદાર સર્વોચ્ચ ન્યાયાલયનો, *ડી.કે. ચંદેલ વિરૂધ્ધ એમ.એસ. વોકહાર્ડટ લીમીટેડ અને અન્ય*[6] ના ચુકાદાને પણ ધ્યાને લેવુ જરૂરી જણાય આવે છે જેમા નામદાર સર્વોચ્ચ ન્યાયાલયે ઠરાવેલ કે :

8. as held by the Trial Court as well as by the High Court that the cheque was issued towards the amount due and payable by the appellant for purchase of pesticides. As rightly observed by the High Court production of the account books/cashbook may be relevant in the civil court; but may not be so in the criminal case filed under Section 138 of the N.I.Act. This is because of the presumption raised in favour of the holder of the cheque. In view of the concurrent findings recorded by the Trial Court as well as by the High Court we do not see any ground warranting interference with the conviction of the

6 2020 SCC CRI 4 572

appellant under Section 138 of the N.I.Act.

ઉપરોકત ચુકાદાને ધ્યાને લેવામાં આવે તો નામદાર સર્વોચ્ચ ન્યાયાલય સ્પષ્ટ કરે છે કે જયારે ફરીયાદીનાઓની તરફેણમાં વટાઉખત અધિનિયમ હેઠળ કાયદેસરના લેણુ હોવા અંગેનુ અનુમાન કરવામાં આવેલ હોય તેવા સંજોગોમાં અન્ય દસ્તાવેજોની અગત્યતા ઓછી રહી જાય છે.

અત્રે નોંધનીય છે કે આ કામે ફરીયાદીનાઓ થકી સદરહુ તકરારી ચેક તેમજ આરોપી અને ફરીયાદી વચ્ચે થયેલ સમજુતી કરાર અને પ્રોમીસરી નોટ પણ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવામાં આવેલ છે, જેને નજર સમક્ષ રાખતા, આરોપીનાઓનો તે બચાવ કે, આ કામે કોઈ હીસાબના ચોપડા કે આવક વેરા રીટર્ન રજુ રાખવામાં આવેલ ના હોય, તે તેઓને મદદરૂપ થાય, તેમ નથી.

(૧૦.૫) આ સિવાય, આરોપીનાઓના વિધવાન વકિલશ્રીએ પોતાના વિશેષ નિવેદનમાં બચાવ લીધેલ કે આ કામના ફરીયાદીનાએ છેતરપીંડી કરી તેઓની સાથે વિશ્વાસઘાત કરેલ છે. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામમાં આરોપીનાએ સદરહુ ચેકના દુરૂપયોગ થયેલ હોય તે સંદર્ભે કોઈ ફરીયાદ કરેલ હોય તેવુ રેકોર્ડ પર આવેલ નથી.

વધુમાં, નોંધપાત્ર છે કે આરોપીનાઓના વિધવાન વકીલશ્રીએ, ફરીયાદીનાઓની ઉલટતપાસમાં, સદરહુ લખાણ દસ્તાવેજો મુજબની વસ્તુઓ આરોપીને વેચેલી હોય જે માટે થયેલ છે, સદરહુ લખાણ બે સાક્ષીઓની હાજરીમાં થયેલ હોય, તે મુજબના સુચક પ્રશ્ન પુછેલા

જેનો જવાબ ફરીયાદીએ હકારમાં આપેલ છે. આમ, રેકોર્ડ પર આવેલ ઉપરોકત વિગતો ઘ્યાને લેતા, આ કામમાં આરોપીનાએ, ફરીયાદી તેમજ આરોપીનાઓ વચ્ચે થયેલ સમજુતી કરાર અને પ્રોમીસરી નોટને પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સ્વીકારેલ છે. આ તબકકે રેકોર્ડ પર આવેલ આંક-૧૬ અને ૨૬ થી રજુ થયેલ પ્રોમીસરી નોટ અને સમજુતી કરાર પણ ઘ્યાને લેવુ જરૂરી જણાય આવે છે જેમા સ્પષ્ટપણે આ કામના આરોપીનાઓને સેન્ટીંગનો સામાન વેચાણથી આપેલ હોવાનુ અને તે બીલના પેમેન્ટ સંદર્ભે સદરહુ રોકડ હાથ ઉચીના વગર વ્યાજે આપેલ હોવાનુ વર્ણન કરવામાં આવેલ છે.

આ સિવાય, આરોપીનાઓના વિધવાન વકીલશ્રીએ સદરહુ આંક-૨૯ વાળા સમજુતી કરારના મુજબ, ફરીયાદીએ, આરોપીનાઓને માલ ચુકવી આપેલ નથી તે મુજબના બચાવ પણ લીધેલ છે. વધુમાં, આરોપીનાઓના વિધવાન વકીલશ્રીએ, આરોપીનાએ રૂ.૩,૦૦,૦૦૦/- ચુકવી આપેલ છે તે મુજબનો સવાલ પુછતા ફરીયાદીનાએ તેનો જવાબ નકારમાં આપેલ છે. આમ, ઉપરોકત વિગતો ઘ્યાને લેવામાં આવે તો આરોપીપક્ષે વિરોધાભાષી બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે. આરોપીનાઓના વિધવાન વકીલશ્રીએ એક તરફ સદરહુ ચેક લેબર કામ અર્થે આરોપીએ આપેલ હોય તે મુજબના બચાવ લીધેલ છે અને બીજી તરફ તેઓને કરાર મુજબના માલ મળેલ ના હોય અને આરોપીનાએ રૂ.૩,૦૦,૦૦૦/- રોકડેથી પરત આપેલ હોય તે મુજબના બચાવ આરોપીપક્ષે લીધેલ છે. આ તબકકે તે પણ નોંધપાત્ર છે કે આવી કોઈ રકમ ફરીયાદીનાઓને પરત સોંપવામાં આવેલ હોય

તે મુજબના કોઈ લેશમાત્ર પુરાવા આરોપીપક્ષે રજુ રાખવામાં આવેલ નથી. આમ, આરોપીનાઓ દવારા લેવામાં આવેલ ઉપરકોત બચાવ પણ તેઓને મદદરૂપ થાય તેમ નથી.

(૧૧) આ કામના આરોપીના વિ.વ.શ્રીનાઓ રજુ થયેલ દસ્તાવેજો અને ઉલટતપાસથી ફરીયાદી પાસેથી વિરોધાભાસી હકીકત રેકર્ડ ઉપર લાવવામા અસફળ નીવડેલા છે. આમ, રેકોર્ડ ઉપર આવેલ ઉપરોકત વિગતો મુજબ આ કામના આરોપીએ, ફરીયાદીનાઓને તેઓની કાયદેસર રકમની ચુકવણી પેટે ચેક લખી આપેલો જે ચેક ફરિયાદીએ પોતાની બેંકમાં ભરતા સ્વીકારાયા વગર પરત ફરેલો અને તે બાબતની ફરિયાદીએ આરોપીને નોટિસ આપેલ, જે નોટીસ આરોપીને મળી ગયેલ હોવા છતાં આરોપીએ સદર રકમ ફરીયાદીને ચુકવી આપેલ નથી, તે તમામ હકીકત ફરીયાદીએ આંક-૦૫ ના સોગંદનામામાં જણાવેલ છે, જે સંદર્ભે આરોપીના વિ.વ.શ્રી દ્વારા ફરીયાદીનાઓની ઉલટ તપાસ લીધેલ છે પરંતુ તેમા કોઈ વિરોધાભાસી હકીકત કે વિસંગતતા રેકર્ડ ઉપર લાવવામા આરોપી પક્ષ નિષ્ફળ નિવડેલ છે. આ કામે આરોપીએ ચેક ઉપર કરેલ પોતાની સહીને પડકારેલ નથી, આમ, ફરીયાદપક્ષે વટાઉ ખત અધિનિયમની કલમ-૧૧૮ તથા કલમ-૧૩૯ અન્વયેના અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવા જેટલો સંતોષકારક અને સબળ પુરાવો રજુ રાખેલ હોવાનું અત્રેની અદાલતનું માનવું છે. આ સંજોગોમા જયારે કલમ-૧૧૮ તથા કલમ-૧૩૯ ના અનુમાનનો લાભ ફરીયાદપક્ષને મળવાપાત્ર ઠરતો હોઈ

ત્યારે આરોપીપક્ષની જવાબદારી રહે છે કે, સદર અનુમાનનું ફરીયાદીની ઉલટતપાસ ધ્વારા કે યથાપ્રસંગ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૧૩ અન્વયેના નિવેદન મારફતે પુરાવો રજુ રાખી સદર બંને અનુમાનની જોગવાઈનું સામાન્ય સમજદારી ધરાવનાર ઈસમ માની શકે તે રીતે ખંડન કરે. હાલના કેસમા આરોપીએ હાજર રહી તેઓના જવાબ/પ્લીમાં ગુનો કબુલ નથી તેવુ જણાવેલ છે અને ત્યારબાદ પોતાના બચાવમાં ભિન્ન ભિન્ન પ્રકારના બચાવ લીધેલ છે પરંતુ તેઓ ફરીયાદ પક્ષની તરફેણમા થયેલ અનુમાનને ખંડન કરવામા અસફળ નિવડેલા. આમ, ફરીયાદીએ વટાઉખત અધિનિયમની કલમ-૧૪૫(૧) મુજબનું મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરી સમગ્ર ફરીયાદની હકીકતો પુરવાર કરેલ છે જે હકીકતો તથા પુરાવાઓનું ખંડન કરવા સારુ બચાવપક્ષ અસફળ નિવડેલ છે.

(૧૧.૧) ઉપરોકત કરેલ ચર્ચાના અનુસંધાને અને વટાઉ ખત અધિનિયમની કલમ-૧૩૮ના જે-જે તત્વો છે તે વંચાણે લેતાં પણ તેવા તમામ તત્વો પ્રથમ દર્શનીય રીતે સંતોષકારક રીતે એટલે કે અનુમાન ને ફરીયાદપક્ષની તરફેણમાં આકર્ષી શકાય તે રીતે પુરવાર થયેલું માની શકાય તેમ છે જેથી સ્પષ્ટ રીતે આરોપીએ વટાઉ ખત અધિનિયમની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનુ ફલિત થતુ હોય મુદ્દા નં.૧, ૨ અને ૩ નો નિર્ણય ''**હકાર**'' ઠરાવુ છું, જયારે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આરોપી પુરાવાનું ખંડન કરી તેઓનો બચાવ કરવામાં નિષ્ફળ ગયેલ હોય

મુદ્દા નં.૪ નો જવાબ ''**નકાર**''માં ઠરાવવામાં આવે છે.

<u>-:: હુ ક મ ::-</u>

(૧) આ કામના આરોપી દર્શનભાઈ પ્રકાશભાઈ ઠુંમર, ઉ.વ.આ. ૨૭, ધંધો-વેપાર, રહે. અમદાવાદ વાળાને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ-૨૫૫(૨) અન્વયે વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ ના ગુન્હામાં દોષિત ઠરાવવામાં આવે છે અને સજા અંગે સાંભળવા માટે કામ મુલતવી રાખવામાં આવે છે.

દોષિત ના અગાઉ આપેલ બેઈલ બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭(ક) મુજબ અપીલ પીરીયડ સુધી આરોપીએ રૂા.૧૫,૦૦૦/- પુરાનાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૦ **<u>મી</u>** માહે **જુન** સને **<u>૨૦૨૬</u>** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ,
તારીખ : ૨૦/૦૬/૨૦૨૬.

(કર્ણ અજીત મારવાહા)
એડિશનલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જૂનાગઢ.
(GJ-01558)

સજા અંગેની સુનાવણી અને આખરી હુકમ :

અત્રેની કોર્ટે આજરોજ આ કામના આરોપીનાઓને તકસીરવાન ઠરાવેલ અને બંને વિધવાન વકીલશ્રીનાઓની આજરોજ જ સજા અંગેની સુનાવણી થાય તે મુજબની વિનંતી ધ્યાને લેતા બંને પક્ષકારોને સજા અંગે સાંભળવામાં આવેલ.

આજરોજ બન્ને પક્ષકારોએ અત્રેની કોર્ટ સમક્ષ સજા અંગેની દલીલો કરેલ જેમા ફરીયાદીના વિધવાન વકીલશ્રીએ જણાવેલ કે આ કામના દોષિતનાઓના વિરૂધમાં અન્ય એક ફરીયાદ પણ દાખલ કરવામાં આવેલ છે. આ સિવાય, ફરીયાદપક્ષનાઓની દલીલ એવી છે કે દોષિત વિરૂધ્ધ નો ગુનો સાબિત થયેલ હોય, દોષિતનો ગુનાહિત ઈરાદો પુરવાર થયેલ છે, તેથી વધુમાં વધુ સજા અને બમળી રકમનો દંડ કરવા અને વળતર અપાવવામાં આવે.

દોષિતનાઓના વિધવાન વકીલશ્રીએ પોતાની દલીલમાં જણાવેલ કે આ કામના દોષિતનાઓના પર તેઓના પરિવારની તમામ જવાબદારીઓ પણ છે. દોષિતના વિધવાન વકીલશ્રીની દલીલ એવી છે કે, દોષિત કુટુંબી માણસ છે, ઘરની જવાબદારી તેમની ઉપર છે, તેઓ તેમના કુટુંબનું ગુજરાણ ચલાવે છે. આમ, ઉપરોકત વિગતો જણાવી દોષિતના વિદવાન વકીલશ્રીએ દોષિતને ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની વિનંતી કરેલ છે.

આ કામે રેકોર્ડ પર આવેલ તમામ વિગતો અને બંને પક્ષકારોની દલીલોને ધ્યાને લીધેલ છે. આ કામે બંને પક્ષકારનાઓ વચ્ચે થયેલ નાણાકીય વ્યવહાર અને હાલની ફરીયાદના કામે રેકોર્ડ પર આવેલ અન્ય વિગતોને ધ્યાને લઈ લીધેલ છે. આ કામે દોષિતનાઓને અન્ય એક

ફરીયાદના કામે પણ દોષિત ઠરાવવામાં આવેલ હોય તેવુ પણ રેકોર્ડ પર આવેલ છે જે કારણોસર તેઓને પરિવીક્ષાનો લાભ આપવાનુ ન્યાયોચિત જણાય આવતુ નથી. ઉપરોકત તમામ સંજોગોને અને રેકોર્ડ પર આવેલ વિગતો ઘ્યાને લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: આખરી હુકમ::-

૧) આ કામના દોષિત દર્શનભાઈ પ્રકાશભાઈ હુંમર , રહેવાસી : એસ.આર.પી.કેમ્પ, પોલીસ હેડ કવાર્ટર, વિરમગામ, અમદાવાદનાઓન ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ-૨૫૫(૨) અન્વયે વટાઉ ખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ-૧૩૮ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી બે માસની સાદી કેદની સજા તથા ચેકની રકમના દોઢી રકમ એટલે કે રૂા.૪,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે અને જો આ વળતરની રકમ ભરપાઈ કરવામાં ન આવે તો તેના કસુર બદલ દોષિતનાએ વધુ વીસ(૨૦) દિવસની સાદી કેદની શિક્ષા ભોગવવાની રહેશે. વધુમાં એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, દોષિતનાઓ વળતરની રકમ ચૂકવવામા નિષ્ફળ જાય તો અને તે કસૂર બદલ સાદી કેદની સજા ભોગવે તે સંજોગોમાં પણ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૩૧ અન્વયે ફરીયાદી, દોષિતનાઓ પાસેથી વળતરની રકમ મેળવવા હકકદાર ઠરશે.

૨) દોષિતનાઓ ચાલુ કેસ દરમ્યાન કાચા કામના કેદી તરીકે કસ્ટડીમાં રહયા હોય તો તે સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ કામના દોષિતને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૩ હેઠળ ચુકાદાની નકલ વિના મુલ્યે આપવી.

હુકમ આજરોજ તારીખ ૨૦ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૬/૨૦૨૬
સ્થળ:જુનાગઢ

(કર્ણ અજીત મારવાહા)
એડિશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જૂનાગઢ.
(GJ-01558)